### વોર્ડ-૨ અને ૭ માં સવારથી જ લોગિન ઇસ્યુ નડતાં બે-બે કલાક સુધી કચેરીઓમાં અરાજકતા

# વડોદરા પાલિકાની રિબેટ યોજનાના પ્રથમ દિવસે જ 'ડિજિટલ ધાંધિયા : સર્વર ઠપ

**સર્વર** ઠપ થતાં કરદાતાઓ લાઈનોમાં શેકાયા

**માત્ર** એક જ કાઉન્ટર હોવાથી અરજદારોનો તંત્ર પર ભારે આક્રોશ

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરા મહાનગરપાલિકા દ્વારા આજથી શહેરીજનો માટે એડવાન્સ વેરો ભરનારાઓ માટે આકર્ષક રિબેટ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પરંતુ પાલિકા તંત્રના કથિત આયોજનના અભાવે આ યોજનાના પ્રથમ દિવસે જ કરદાતાઓને ભારે



હાલાકીનો સામનો કરવો પડ્યો છે. શહેરની વિવિધ વોર્ડ કચેરીઓ, ખાસ કરીને વોર્ડ નંબર ૭ અને વોર્ડ નંબર ૨ ખાતે સવારથી જ સર્વર ઠપ થઈ જતાં અથવા અત્યંત ધીમું ચાલતું હોવાને કારણે એડવાન્સ વેરો ભરવા આવેલા વરિષ્ઠ નાગરિકો કલાકો સુધી લાઈનોમાં અટવાઈ પડ્યા હતા.

આકર્ષક વળતર મેળવવાની આશાએ કારેલીબાગ અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં અરજદારો વોર્ડ નંબર ૭ ની કચેરી ખાતે ટેક્સ જમા કરાવવા ઉમટ્યા હતા. જો કે, ત્યાં પહોંચ્યા બાદ લોકોનો ઉત્સાહ આક્રોશમાં ફેરવાઈ ગયો હતો, કારણ કે કચેરીનું કોમ્પ્યુટર સર્વર સવારથી જ લોગિન ન થવાના કારણે બંધ હાલતમાં હતું. લાંબી લાઈનમાં ઊભેલા કરદાતા અનિલભાઈ પટેલે જણાવ્યું હતું કે, "હું પહેલા વોર્ડ નંબર ૨ માં ગયો હતો, જ્યાં આના કરતાં પણ લાંબી લાઈન હતી. ત્યાંથી અહીં વોર્ડ ૭ માં આવ્યો તો અહીં પણ એ જ પરિસ્થિતિ છે. લોકો બે-બે કલાકથી લાઈનમાં ઊભા છે. પાલિકાએ પૂરતા કાઉન્ટરની વ્યવસ્થા કરવી જોઈએ, માત્ર એક જ કાઉન્ટર હોવાથી ભારે સમય બગડી રહ્યો છે."

બીજી તરફ, સામાન્ય નાગરિકોમાં એવો પણ સૂર સાંભળવા મળ્યો હતો કે નવી સિસ્ટમ લાવ્યા પછી પણ ડિજિટલ ઈન્ડિયાના દાવાઓ વચ્ચે સર્વર ડાઉન જ રહે છે. આ અંગે વોર્ડ કચેરીના અધિકારીએ સ્વીકાર્યું હતું કે નવી સિસ્ટમ હોવાને કારણે લોગિનનો ઈસ્યુ આવી રહ્યો છે. તેમણે જણાવ્યું કે આ બાબતે આઈ. ટી. ટીમને જાણ કરવામાં આવી છે અને તેઓ ટૂંક સમયમાં ખામી સુધારી દેશે. જો કે, કલાકોથી તડકામાં શેકાતા નાગરિકોમાં તંત્રની આ અણઘડ વ્યવસ્થા સામે ઉગ્ર રોષ જોવા મળ્યો હતો.

## આજથી ધો.10-12ની પૂરક પરીક્ષામાં શરૂ ૨૩,૮૮૩ વિદ્યાર્થી બેસશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ 10 અને 12ની પૂરક પરીક્ષાઓ આવતીકાલથી શરૂ થવા જઈ રહી છે. વડોદરા શિક્ષણ વિભાગ દ્વારા તમામ પરીક્ષા કેન્દ્રો પર પૂર્વ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

આ વર્ષે વિદ્યાર્થીઓ માટે બેસ્ટ ઓફ ટુનો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. જેનાથી જે વિદ્યાર્થીઓને કોઈ વિષયમાં ઓછા ગુણ હોય તેઓ ફરી પરીક્ષા આપીને પોતાનો સ્કોર સુધારી શકે છે. આ નિયમથી હજારો વિદ્યાર્થીઓને રાહત મળશે. ધોરણ 10 માટે કુલ 26 કેન્દ્રો અને 252 બ્લોકમાં 8,555 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે ધોરણ 12 સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના 15,328 વિદ્યાર્થીઓ 20 કેન્દ્રો અને 195 બ્લોકમાં પરીક્ષામાં બેસશે. કુલ 46 બિલ્ડીંગો અને 447 બ્લોકમાં મળીને કુલ 23,883 વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપવાના છે. જેલ તંત્ર દ્વારા તેમના માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

# હેરિટેજ 'માંડવી'નો પાયો નબળો પડ્યો ખાસ આધુનિક મશીનની તપાસમાં ખુલાસો

**રિસ્ટોરેશનનું** ૧૫% કામ પૂર્ણ, ૧૬ જૂને કન્સલ્ટન્ટના પ્રેઝન્ટેશન બાદ અન્ય સ્મારકોના જીર્ણોદ્ધારની કામગીરી વેગ પકડશે

(પ્રતિનિધિ) વડોદરા તા.10

સંસ્કારી નગરી વડોદરાની શાન અને ઓળખ સમાન ઐતિહાસિક માંડવી સ્મારકને લઈને એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. માંડવી ઈમારતના સંરક્ષણ અને રિસ્ટોરેશનની ચાલી રહેલી પ્રક્રિયા અંતર્ગત એક ખાસ આધુનિક મશીન દ્વારા માંડવીની જમીન અને તેની નીચે રહેલા પાયાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ હાઈટેક તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો બહાર આવી છે, જેમાં માંડવી ઈમારતનું ફાઉન્ડેશન ડેમેજ એટલે કે ક્ષતિગ્રસ્ત હોવાનું સપાટી પર આવ્યું છે. આ ખુલાસા બાદ હવે ઈમારતને મજબૂતી આપવા



માટેના વૈજ્ઞાનિક ઉપાયો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

હાલના તબક્કે તંત્ર દ્વારા માંડવી હેરિટેજ સ્મારકની રિસ્ટોરેશન અને સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે, જેમાંથી અંદાજે ૧૫ ટકા જેટલું કામ અત્યાર સુધીમાં પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ ઐતિહાસિક વારસાને મૂળ સ્વરૂપમાં લાવવા અને તેને ભવિષ્ય માટે સુરક્ષિત કરવા નિષ્ણાતોની મદદ લેવામાં આવી રહી છે. આગામી ૧૬ જૂનના રોજ આ પ્રોજેક્ટના મુખ્ય કન્સલ્ટન્ટ દ્વારા એક ખાસ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવનાર છે. આ મહત્વપૂર્ણ પ્રેઝન્ટેશન બાદ માંડવી સહિત શહેરના અન્ય ઐતિહાસિક સ્મારકોના જીર્ણોદ્ધાર અને વિકાસનું કામ વધુ વેગવંતું બનશે તેમ માનવામાં આવી રહ્યું છે.

બીજી તરફ, વડોદરાના અન્ય ભવ્ય વારસા અને ઐતિહાસિક ઈમારતોના રિનોવેશન માટે પણ વહીવટી તંત્રે કમર કસી છે. આ માટે લાયક અને અનુભવી કન્સલ્ટન્ટની નિમણૂક કરવા અર્થે 'એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ' એટલે કે રસની અભિવ્યક્તિની સત્તાવાર પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. તંત્રના આ સઘન પ્રયાસોથી આગામી સમયમાં વડોદરાની સ્થાપત્ય કલા અને હેરિટેજ ઈમારતોને નવું જીવન મળશે, જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. માંડવીના પાયામાં જોવા મળેલી ખામીને સુધારીને આ ભવ્ય સ્મારકને અડીખમ રાખવા માટે આગામી દિવસોમાં એક્શન પ્લાન જાહેર કરાશે.

# હવે ગોરવા તળાવમાં પણ અસંખ્ય માછલીઓના કરુણ મોત નિપજ્યા

**એક** પછી એક તળાવોમાં માછલીઓના સામૂહિક મોતના પગલે વહીવટી તંત્રની ઘોર બેદરકારી સામે પ્રકૃતિપ્રેમીઓમાં ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરા શહેરમાં તળાવોની જાળવણી અને પર્યાવરણ સુરક્ષા અંગે ફરી ગંભીર સવાલો ઊભા થયા છે. ગોરવા વિસ્તારમાં આવેલા મહીસાગર માતાના મંદિર નજીકના તળાવમાં મોટી સંખ્યામાં માછલીઓ મરેલી હાલતમાં પાણીની સપાટી પર તરતી જોવા મળતાં સ્થાનિકોમાં ચિંતા અને રોષ ફેલાયો છે. ઘટનાના પગલે તળાવ કિનારે દુર્ગંધનું સામ્રાજ્ય છવાઈ ગયું છે.

સ્થાનિક રહીશો અને પ્રકૃતિપ્રેમીઓનો આક્ષેપ છે કે તળાવમાં ઠાલવાતો કચરો, ગંદકી તેમજ કેમિકલયુક્ત દૂષિત પાણીના



કારણે જળચર જીવોના મોત નીપજ્યા હોઈ શકે છે. જોકે માછલીઓના મોતનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી અને તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

અત્રે નોંધનીય છે કે થોડા સમય અગાઉ ગોત્રી અને સુરસાગર તળાવમાં પણ મોટી સંખ્યામાં માછલીઓના મોતની ઘટનાઓ સામે આવી હતી. સતત બની રહેલી આવી ઘટનાઓ છતાં અસરકારક પગલાં ન લેવાતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. સ્થાનિક નાગરિકોએ તળાવોની નિયમિત સફાઈ, પાણીની ગુણવત્તાની ચકાસણી અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

### લોકોએ પૂછ્યું- 'આજે ઘોડી પડી, કાલે કોઈ બાળક પડશે તો જવાબદાર કોણ?'

# ખિસકોલી સર્કલ પાસે ખુલ્લી ગટરમાં ખાબકી ઘોડી, સ્થાનિકોએ ભારે જહેમત બાદ બચાવી

**ચોમાસા** પહેલાં ખુલ્લી ગટરોનું સર્વેક્ષણ કરી મજબૂત ઢાંકણા લગાવવાની ઉગ્ર માંગ, મોટી દુર્ઘટનાની ભીતિ વ્યક્ત કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.10

સ્માર્ટ સિટી વડોદરામાં ખુલ્લી ગટરો અને તૂટેલા ઢાંકણાંની સમસ્યા યથાવત્ રહેતાં વધુ એક ગંભીર ઘટના સામે આવી છે. શહેરના ખિસકોલી સર્કલ નજીક બુલેટ સર્વિસ સ્ટેશન પાસે રસ્તા કિનારે આવેલી ખુલ્લી ગટરમાં એક ઘોડી અચાનક ખાબકી જતાં વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં સ્થાનિક નાગરિકો અને રાહદારીઓ તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. યુવાનોએ ભારે જહેમત બાદ ઘોડીને ગટરમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢી હતી. સદનસીબે ઘોડીને કોઈ ગંભીર ઈજા પહોંચી ન હોવાથી લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ઘટના બાદ સ્થાનિક રહીશોમાં વડોદરા મહાનગરપાલિકા સામે ભારે રોષ જોવા મળ્યો હતો. નાગરિકોના જણાવ્યા મુજબ શહેરના અનેક વિસ્તારોમાં ગટરના ઢાંકણાં તૂટેલી હાલતમાં છે અથવા ગાયબ છે. અનેક વખત રજૂઆતો છતાં સમસ્યાના કાયમી નિરાકરણ માટે અસરકારક પગલાં લેવાતા નથી.

ચોમાસું નજીક હોવાથી આવી ખુલ્લી ગટરો વધુ જોખમી બની શકે છે. પાણી ભરાવાની સ્થિતિમાં કોઈ બાળક, વૃદ્ધ અથવા રાહદારી અકસ્માતનો ભોગ બની શકે છે. સ્થાનિકોએ મહાનગરપાલિકાને શહેરભરની ખુલ્લી ગટરોનું તાત્કાલિક સર્વેક્ષણ કરી મજબૂત ઢાંકણાં લગાવવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવાની માંગ કરી છે. જો તંત્ર સમયસર પગલાં નહીં ભરે તો મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

### ૧૦ દિવસથી તૂટેલું ડ્રેનેજ ઢાંકણું, ઓનલાઈન ફરિયાદ છતાં તંત્ર મૌન

વડોદરા શહેરના કીર્તિમંદિર સામે, રુકમણી ચૈનાની હોસ્પિટલ અને સયાજી હોસ્પિટલ નજીક છેલ્લા ૧૦ દિવસથી ડ્રેનેજનું



ઢાંકણું તૂટેલી હાલતમાં હોવાથી અકસ્માતનો ભય ઉભો થયો છે. એક જાગૃત નાગરિકે 'વડોદરાનો વિકાસ 2026' વોટ્સએપ ગ્રુપમાં 4, 7 અને 8 જૂને ફોટા સાથે મેયર, ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિના અધ્યક્ષને ફરિયાદ કરી હતી. તેમ છતાં કોઈ કાર્યવાહી કે પ્રતિસાદ મળ્યો નથી. વ્યસ્ત વિસ્તારમાં ખુલ્લું ડ્રેનેજ ઢાંકણું રાહદારીઓ અને દર્દીઓ માટે જોખમરૂપ બન્યું છે. સ્થાનિકોમાં તંત્રની નિષ્ક્રિયતા સામે રોષ જોવા મળી રહ્યો છે અને તાત્કાલિક સમારકામની માંગ ઉઠી છે.

# અન્ય સ્ત્રી સાથેના સંબંધનો ભાંડો ફૂટતા પતિએ પત્ની પર ત્રાસ ગુજાર્યો

**દહેજમાં** રૂ.15 લાખ નહીં લાવતા પરિણીતાને માર મારી ઘરમાથી કાઢી મૂકી

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરાના હાથીખાના વિસ્તારમાં રહેતી 25 વર્ષીય પરિણીતાએ પતિના પ્રેમસંબંધનો વિરોધ કરતાં દહેજની માંગણી, મારઝૂડ અને માનસિક-શારીરિક ત્રાસ આપવામાં આવ્યાનો આક્ષેપ કરી પતિ સહિત પાંચ સાસરીયાઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ એપ્રિલ-2024માં મુસ્લિમ રીત-રિવાજ મુજબ લગ્ન થયા બાદ શરૂઆતમાં બધું સામાન્ય હતું. જોકે થોડા સમય પછી સાસરી પક્ષે લગ્નમાં આપવામાં આવેલી ઘરવખરી અને દાગીનાને હલકી ગુણવત્તાના ગણાવી ટોણાં મારવાનું શરૂ કર્યું હતું. પતિ, સાસુ, નણંદ, જેઠ અને જેઠાણીએ પિયરમાંથી રૂ.15 લાખ લાવવાની માંગણી કરી હતી. પતિ વધુ પૈસાદાર પત્ની લાવવાની વાતો કરીને સતત અપમાનિત કરતો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.

પરિણીતાને બાદમાં પતિ અન્ય સ્ત્રી સાથે પ્રેમસંબંધ ધરાવતો હોવાનું જાણવા મળતાં તેણે વિરોધ કર્યો હતો. ત્યારબાદ સાસરી પક્ષનો ત્રાસ વધુ વધી ગયો હતો. પતિ વારંવાર છૂટાછેડા લેવા દબાણ કરતો હતો અને સાથે રહેવાનો ઈનકાર કરતો હતો. અનેક વખત પરિણીતાને પહેરેલા કપડાં સાથે જ ઘરેથી કાઢી મૂકવામાં આવી હતી. એક પ્રસંગે મારઝૂડ કરતાં કમરના ભાગે ઈજા પણ પહોંચી હતી. ઉપરાંત, લગ્ન સમયે મળેલા દાગીના, મહત્વના દસ્તાવેજો અને અન્ય સામાન પરત આપવામાં આવ્યા ન હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

જુલાઈ-2025માં આ મામલે પોલીસમાં અરજી કરવામાં આવી હતી, પરંતુ પરિવારજનોના સમજાવટથી સમાધાન થતાં અરજી પરત ખેંચી લેવામાં આવી હતી. તેમ છતાં પરિસ્થિતિમાં કોઈ સુધારો ન આવતા અને સતત દહેજની માંગણી, અપમાનજનક વર્તન તથા ધમકીઓથી કંટાળીને પરિણીતાએ આખરે કાયદાનો આશરો લીધો છે.

### દત્તક લીધેલા પુત્રના ત્રાસથી કંટાળી વૃદ્ધ માતાએ 181ની મદદ લીધી

# ૨૭ વર્ષ સુધી જેને દીકરા સમો ઉછેર્યો, એ જ દત્તક પુત્ર વૃદ્ધ માતા માટે બન્યો ત્રાસદાતા"

**મને** જ્યાંથી લાવ્યા ત્યાં મૂકી આવો' કહી માતાને હેરાન કરતો પુત્, મામલો પોલીસ સુધી પહોંચ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.10

જે દીકરાને દત્તક લઈને છ મહિનાની ઉંમરથી ઉછેરીને મોટો કર્યો, પોતાના સંતાન કરતાં પણ વધુ પ્રેમ આપ્યો, એ જ દીકરો આજે વૃદ્ધ માતા માટે દુઃખનું કારણ બન્યો છે. વડોદરાના બાપોદ વિસ્તારમાં 73 વર્ષીય મહિલાએ પોતાના દત્તક પુત્રના ત્રાસથી કંટાળી 181 અભયમ હેલ્પલાઈનનો સહારો લીધો. નશાની લતમાં ડૂબેલા પુત્ર દ્વારા મારપીટ, પૈસાની માંગણી અને માનસિક ત્રાસ અપાતા આખરે મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો છે.

બાપોદ વિસ્તારમાં રહેતી 73 વર્ષીય વૃદ્ધ માતાએ 181 પર ફોન કરી પોતાની આપવીતી જણાવી હતી. જેથી મહિલા ટીમ ઘરે પહોંચી કાઉન્સેલિંગ કરતાં ચોંકાવનારી હકીકત સામે આવી હતી. મહિલાએ જણાવ્યું કે સંતાન ન હોવાથી તેમણે અને તેમના પતિએ વર્ષો પહેલાં એક અનાથ બાળકને દત્તક લીધો હતો. પોતાના સંતાનની જેમ તેનું લાલન-પાલન કર્યું અને દરેક જરૂરિયાત પૂરી કરી હતી.

પરંતુ સમય જતાં પુત્ર નશાની લતમાં ફસાઈ ગયો હતો. મહિલાના જણાવ્યા પ્રમાણે, તે ઈન્જેક્શન દ્વારા નશો કરતો હોવાથી અવારનવાર ઉશ્કેરાઈ જતો અને તેમની પાસે પૈસાની માંગણી કરતો હતો. પૈસા ન આપતા ઘરમાં તોડફોડ કરવી, મારપીટ કરવી અને ચોરી કરવાના બનાવો પણ બનતા હતા. દરમિયાન સંબંધીઓ પાસેથી પોતે દત્તક લેવાયેલો હોવાનું જાણવા મળતાં પુત્ર વધુ આક્રમક બન્યો હતો. તે માતાને વારંવાર મને જ્યાંથી લાવ્યા હતા ત્યાં મૂકી આવો કહી અપમાનિત કરતો અને માનસિક રીતે હેરાન કરતો હતો.

181ની ટીમે માતા અને પુત્ર બંનેનું કાઉન્સેલિંગ કર્યું હતું. ટીમે પુત્રને સમજાવ્યું કે જે માતાએ બાળપણથી તેને પ્રેમ અને સંભાળ આપી છે, તેમની સાથે આ પ્રકારનું વર્તન યોગ્ય નથી. જોકે, સતત ત્રાસથી કંટાળેલી મહિલાએ પુત્ર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની ઈચ્છા વ્યક્ત કરતાં 181ની ટીમે તેમને નજીકના પોલીસ સ્ટેશનમાં લઈ જઈ અરજી કરાવવામાં મદદ કરી હતી. મમતાથી ઉછેરેલા દત્તક પુત્રના ત્રાસથી વ્યથિત વૃદ્ધ માતાની પીડા સામે આવતા વિસ્તારમાં પણ ચર્ચા જાગી છે, જ્યારે હવે સમગ્ર મામલે પોલીસ કાર્યવાહી તરફ નજર મંડાઈ છે.

# નંદેસરી GIDC ફાટક પાસે ગમખ્વાર અકસ્માત, ટ્રકની અડફેટે વૃદ્ધ લોહીલુહાણ

**જિલ્લા** પંચાયત સદસ્ય બિરેન પટેલે સમયસૂચકતા વાપરી ઇજાગ્રસ્ત વૃદ્ધને હોસ્પિટલ પહોંચાડી માનવતા મહેકાવી

(પ્રતિનિધિ) વડોદરા. તા.10

નંદેસરી GIDC ફાટક પાસે મંગળવારે સવારે બેફામ ગતિએ પસાર થઈ રહેલા ભારે માલવાહક ટ્રકે એક વૃદ્ધ રાહદારીને અડફેટે લેતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત બાદ વૃદ્ધ રસ્તા પર લોહીલુહાણ હાલતમાં પડી રહ્યા હતા, જેને પગલે સ્થાનિકો અને રાહદારીઓના ટોળાં ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા.

પ્રાથમિક માહિતી મુજબ ઈજાગ્રસ્ત વૃદ્ધ આણંદ જિલ્લાના અડાસ ગામના રહેવાસી છે. તેઓ કોઈ કામસર નંદેસરી આવ્યા હતા અને GIDC ફાટક પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રકે તેમને ટક્કર મારી હતી. અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક



વાહન સાથે ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

ઘટના સમયે ત્યાંથી પસાર થઈ રહેલા વડોદરા જિલ્લા પંચાયતના સદસ્ય બિરેન પટેલે ટોળું જોઈ તાત્કાલિક પોતાનું વાહન રોક્યું હતું. તેમણે ઈજાગ્રસ્ત વૃદ્ધની સ્થિતિ જોઈ તરત જ 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. એમ્બ્યુલન્સ પહોંચે ત્યાં સુધી તેમણે વૃદ્ધને હિંમત આપી સ્થાનિકોની મદદથી પ્રાથમિક સહાય પૂરી પાડી હતી.

### બપોરના સમયે ચોથા માળે આવેલા ફ્લેટમાંથી અચાનક આગે દેખા દીધી

# કારેલીબાગમાં અમરદીપ એપાર્ટમેન્ટના ફ્લેટમાં આગ : ધુમાડાના ગોટે ગોટા

પેસ્ટ કન્ટ્રોલ બાદ ધુમાડાના ગોટેગોટા, ફાયર બ્રિગેડે મેળવ્યો કાબૂ, જાનહાનિ ટળી

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા આનંદ નગરના અમરદીપ એપાર્ટમેન્ટમાં આજે અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. બપોરના સમયે ત્રીજા માળે આવેલા ફ્લેટમાંથી અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળતા દેખાતા જ બિલ્ડિંગમાં ગભરાટનો માહોલ છવાઈ ગયો હતો.

કારેલીબાગના અમરદીપ એપાર્ટમેન્ટના ફ્લેટમાં આગ લાગ્યા હોવાની વાત વાયુવેગે ફેલાતા જ એપાર્ટમેન્ટના તમામ રહીશો જીવ બચાવવા માટે તાત્કાલિક નીચે દોડી



આવ્યા હતા. આખા બિલ્ડિંગમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ બુઝાયા બાદ એપાર્ટમેન્ટના રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો. પ્રાથમિક અનુમાન મુજબ, ફ્લેટમાં પેસ્ટ કન્ટ્રોલનું કામ કરવામાં આવ્યું હતું, જેના કારણે આગ લાગી હોવાની શક્યતા સેવવામાં આવી રહી છે. જોકે, આગ લાગવાનું ચોક્કસ કારણ તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે. સદનસીબે આ ઘટનામાં કોઈ મોટી જાનહાનિ થઈ નથી. પરંતુ ફ્લેટમાં રહેલી ઘરવખરીને મોટું નુકસાન પહોંચ્યું છે. સમયસર ફાયર બ્રિગેડ પહોંચી જતા મોટી દુર્ઘટના ટળી હતી.

### વોર્ડ નં. ૧૪માં સૌથી વધુ ૭૮૮ જોખમી મકાનોને નોટિસ

# ચોમાસામાં જાનહાનિ ટાળવા પાલિકા 'સાવધ' ૧૮૦૦ જર્જરિત મકાનો ચિહ્નિત કરાયા

**તંત્રએ** અત્યાર સુધીમાં ૧૯૧ બાંધકામો સુરક્ષિત રીતે તોડી પાડ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.10

આગામી ચોમાસાની ઋતુ દરમિયાન સંભવિત દુર્ઘટનાઓ અને જાનહાનિ અટકાવવા માટે વડોદરા મહાનગરપાલિકાએ પ્રિ-મોન્સૂન કામગીરી તેજ કરી છે. ભારે વરસાદ દરમિયાન જર્જરિત મકાનો ધસી પડવાની ઘટનાઓને ધ્યાનમાં રાખી સમગ્ર શહેરમાં સઘન સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. સર્વે દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં અંદાજે 1800 જેટલા જોખમી અને જર્જરિત મકાનો ચિહ્નિત કરવામાં આવ્યા છે.

પાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર, ચિહ્નિત કરાયેલા તમામ મકાનોના માલિકો અને રહીશોને કાયદેસરની નોટિસ પાઠવવાની કામગીરી શરૂ કરી



દેવામાં આવી છે. શહેરના વોર્ડ નંબર-14માં સૌથી વધુ 788 જોખમી મકાનો મળી આવ્યા છે, જ્યાં તંત્ર દ્વારા ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

જર્જરિત મકાનો સામે માત્ર નોટિસ પૂરતી કાર્યવાહી નહીં, પરંતુ જરૂરી સ્થળોએ તોડી પાડવાની કામગીરી પણ હાથ ધરાઈ છે. પાલિકાએ અત્યાર સુધીમાં 191 અત્યંત જોખમી મકાનો સુરક્ષિત રીતે દૂર કર્યા હોવાનું જણાવ્યું છે, જ્યારે બાકીના મકાનો સામે તબક્કાવાર કાર્યવાહી ચાલુ છે.

વડોદરા મહાનગરપાલિકાએ નાગરિકોને ચેતવણી આપતાં અપીલ કરી છે કે ચોમાસા દરમિયાન આવા જોખમી મકાનોમાં વસવાટ ન કરે અને જરૂરી હોય ત્યાં સુરક્ષિત સ્થળે ખસી જાય. તંત્રનું માનવું છે કે સાવચેતી અને સમયસરની કાર્યવાહીથી મોટી જાનહાનિ અટકાવી શકાય છે.

# હાંસાપુરા ગામે પત્નીને ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરનાર પતિને આજીવન કેદ

**પતિના** પ્રેમ સંબંધની પત્નીને જાણ થઈ જતા થયેલા ઝઘડામાં ઉસ્કેરાયેલા પતિનું કારસ્તાન

(પ્રતિનિધિ) સાવલી, તા. 10

વાઘોડિયા તાલુકાના હાંસાપુરા ગામમાં પતિના પ્રેમ સંબંધની પત્નીને જાણ થઈ જતા દંપતિ વચ્ચે ઝઘડો થયો હતો. જેમા ઉશ્કેરાઈ ગયેલા પતીએ પત્નીની ગળાના ભાગે ચાકુના ઘા મારીને હત્યા કરી નાખી હતી. લગ્નના ત્રણથી ચાર મહિનાના સમયગાળા દરમિયાન જ પતિએ પત્નીનું ઢીમ ઢાળી દીધું હતું જેથી પોલીસે તેની ધરપકડ કરી ઘેર ભેગો કરી દીધો હતો જેની સુનાવણી યોજાતા આરોપી પતિને સાવલીની સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. ઉપરાંત કોર્ટ દ્વારા આરોપી પર દંડ પણ ફટકારવામા આવ્યો છે.

કેસની હકીકત મુજબ, 27 જુલાઈ 2024ના રોજ મધરાત્રીના સમયે વાઘોડિયા તાલુકાના હાંસાપુરા ગામના બાર ફળિયામાં રહેતા રઘુવીરસિંહ વિજયસિંહ ચૌહાણના અન્ય યુવતી સાથેના પ્રેમ સંબંધની જાણ થઈ ગઈ હતી જેના કારણે દંપતિ વચ્ચે પતિના પ્રેમસંબંધને લઈને ઝઘડો થયો હતો. ઝઘડો ઉગ્ર બનતા આરોપી પતિએ પત્નીને ગળાની ડાબી બાજુએ તીક્ષ્ણ હથિયારથી ઘા ઝીંકતા સ્નેહાને મોત ઘાટ ઉતારી દીધી હતી.

બનાવ અંગે જાણ થતાં મૃતકના પરિવારજનો સ્થળ પર પહોંચ્યા હતા. તપાસ દરમિયાન મૃતકના શરીર પર ઈજાના નિશાન, ઘટના સ્થળેથી લોહીના ડાઘ અને તૂટેલી બંગડીઓ મળી આવી હતી. પોલીસે આરોપીની પૂછપરછ દરમિયાન હત્યામાં વપરાયેલુ ચપ્પુ કબજે કર્યુ હતુ. ફોરેન્સિક તપાસમાં આરોપીના કપડાં અને ચપ્પા પર મૃતકના લોહીના અંશ મળી આવતા આરોપી વિરુદ્ધના પુરાવા મજબૂત બન્યા હતા. પુરાવા અને સાક્ષીઓના આધારે સાવલીની કોર્ટે આરોપી રઘુવીરસિંહ વિજયસિંહ ચૌહાણને દોષિત ઠેરવી આજીવન કેદ અને રૂ. 5 હજાર દંડની સજા ફટકારી છે.

### ડાયવર્ઝનને કારણે ગામના આંતરિક રસ્તાઓ પર ટ્રાફિક જામ

# તરસાલીનો RCC રોડ વિવાદમાં, ૨૪ કલાક વાહનોની અવરજવરથી ગ્રામજનોની ઊંઘ હરામ!

**સામાજિક** કાર્યકરે તંત્રને આડેહાથ લીધું, અધિકારીએ કહ્યું '૨ દિવસમાં કામ પૂરું થશે'.

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરાના તરસાલી વિસ્તારમાં આવેલા રવિપાર્ક રોડ પર ચાલી રહેલી આરસીસી રોડની કામગીરી સ્થાનિકો માટે મુશ્કેલીનું કારણ બની છે. આશરે રૂ.2.46 કરોડના ખર્ચે બનતા આ રોડના કામની ધીમી ગતિ અને અપૂરતી ટ્રાફિક વ્યવસ્થાને લઈને સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ રોડ નિર્માણને કારણે મુખ્ય માર્ગ બંધ થતાં વાહનવ્યવહાર માટે ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. જોકે, આ ડાયવર્ઝન ગામની અંદરની સાંકડી ગલીઓમાંથી પસાર થતું હોવાથી નાના-મોટા તમામ વાહનો



દિવસ-રાત ગામમાંથી પસાર થઈ રહ્યા છે. પરિણામે સતત ધૂળ ઉડતી રહે છે અને ભારે વાહનોના અવાજથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વડીલો, બાળકો તેમજ બીમાર વ્યક્તિઓને સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોનું કહેવું છે કે સતત ધૂળ અને ઘોંઘાટને કારણે દૈનિક જીવન પણ પ્રભાવિત થયું છે.

આ મુદ્દે સોશિયલ મીડિયા પર પણ અસંતોષ વ્યક્ત થઈ રહ્યો છે. સામાજિક કાર્યકરોએ તંત્ર પર આયોજનના અભાવનો આક્ષેપ કરતાં જણાવ્યું છે કે કરોડો રૂપિયાના વિકાસ કાર્યો શરૂ કરતાં પહેલાં સ્થાનિકોની સુવિધા અને ટ્રાફિક વ્યવસ્થાનું યોગ્ય આયોજન કરવું જરૂરી છે. તેમણે કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની માંગ કરી છે.

બીજી તરફ, મહાનગરપાલિકાના રોડ શાખાના અધિકારી જશવંત ઉપાધ્યાયે જણાવ્યું હતું કે જનતાની હાલાકી ઘટાડવા માટે કામગીરીમાં વેગ લાવવામાં આવ્યો છે. અગાઉ એક મશીન કાર્યરત હતું, જ્યારે હવે પાંચ મશીનો કામે લગાડવામાં આવ્યા છે. આગામી બે દિવસમાં રોડનું કામ પૂર્ણ કરવાનો પ્રયાસ ચાલી રહ્યો હોવાનું તેમણે જણાવ્યું છે.